# <u>અંગ્રેજી ગ્રામર (ઇ-બુક)</u>

**આપના વિદ્યાર્થીઓ અને આપને** GPSC, TET1, TET2 ,TAT , HTAT **અને બીજી સ્પર્ધાત્મક પરીક્ષા માં ઉપયોગી થાય તેવા અંગ્રેજી ગ્રામર ના** IMP **મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આશા છે કે આ નાનકડો પ્રયત્ન આપને ખૂબ ઉપયોગી નીવડે.**

**આભાર.......**


**----::::લેખન/સંકલન:::::----**

**અલ્મય એમ. શાહ (M.sc. B.ed.)**

**ટુણાદર પ્રાથમિક શાળા (તા. માલપુર જિ.અરવલ્લી )**

## ❖ I am, we are, you are, He/ She / it is /they are

- I (આય) હુ– વ્યકિત પોતાને માટે I શબ્દ વાપરે છે. I એકવચન છે. I સાથે am વપરાય છે. Am અને To-Be (બી)– હોવું ક્રિયાપદનું વ.કા .નું રૂપ છે. બીજા વ.કા.ના રૂપ Is, Are છે.
- We (વી) અમે – We એ I નું બહુવચન છે. We સાથે To Be નું Are રૂપ આવે છે. We સાથે to-be નું રૂપ આવે છે.
- You- (યુ)– તું / તમે. You શબ્દનું બ.વ પણ you જ થાય છે. you સાથે to be નું are રૂપ આવે છે.
- He (હી)–તે. એક છોકરા કે એક પુરુષ માટે વપરાય છે. (નરજાતિ)
- She (શી)– તે/ તેણી આ શબ્દ એક છોકરી કે એક સ્ત્રી માટે વપરાય છે. (નારી જાતિ)
- It (ઈટ)– તે. આ શબ્દ નાન્યતર જાતિ , નિર્જીવ વસ્તુ પ્રાણી કે નાના બાળક માટે વપરાય છે.
- He, She, It પછી to be ક્રિયાપદનું is રૂપ આવે છે.
- They (ધે)– તેઓ. They એ He, She અને It નું બહુવચન નું રૂપ છે. તેના પછી to be ક્રિયાપદનું are રૂપ આવે છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ <u>This, That, These, Those</u>

- This (ધિસ) – આ. this  શબ્દ પાસેની / નજીકની વ્યકિત, પ્રાણી,  પક્ષી કે વસ્તું દર્શાવવા  વપરાય છે.
- That (ધેટ)– પેલુ . that  શબ્દ દૂરની વ્યકિત,  પ્રાણી, પક્ષી કે વસ્તું દર્શાવવા  વપરાય છે.
- this અને that  બંને એકવચન હોવાથી તેમની સાથે વર્તમાનકાળમાં to be ક્રિયાપદનું is રૂપ વપરાય છે અને તે પછી આર્ટિકલ a કે an વપરાય છે.
- જો વ્યકિતનું નામ હોય તો તેમાં આર્ટિકલ આવતો નથી, પરંતુ તેનો પહેલો અક્ષર કેપિટલમાં આવે છે.

## <u>Formula:</u>

- હકારઃ  this / that + is + a / an ( જે લાગુ પડે તે અને વ્યકિત નું નામ હોય તો ના આવે.) +other words
- નકારઃ  this / that + is + not + a / an + other words
- પ્રશ્નાર્થઃ  Is + this / that + a / an + o.w + ?
- પ્ર. નકારઃ  Isn’t this/ that + a / an + o.w+ ?

## ❖ A, An, The articale:

- જો કોઈ શબ્દનો ઉચ્ચાર ગુજરાતી સ્વર (અ, આ.........) વડે થાય તો તે શબ્દ આગળ an વપરાય છે. અને વ્યંજન (ક, ખ ............) આગળ a વપરાય છે.
- સગા– સંબંધી કે એવા પોતાના કોઈ સંબંધી વ્યકિત આગળ આર્ટિકલ આવતો નથી.
- સમગ્ર વર્ગ માટે the આર્ટિકલ વપરાય છે. જેમ કે the Hindus, the muslims, the teachers, .......
- પ્રાણી કે પક્ષીના સમગ્ર વર્ગ માટે પણ the આર્ટિકલ આવે.
- જયારે  કોઈ  એક હોવા માટે એક જ વ્યકિત હોય તો આર્ટિકલ વપરાતો નથી.
- નિશ્ચિતતા બતાવવા બહુવચન ની આગળ the આર્ટિકલ આવે છે.
- a /an નો અર્થ એક થાય છે. જયારે બહુવચનમાં વાપરવાની જરૂર પડે તો the આર્ટિકલ આવે છે.
- દ્રવ્યવાચક કે ભાવવાચક નામોની પૂર્વે the આર્ટિકલ આવતું નથી પણ નિશ્ચિત અર્થમાં the આર્ટિકલ વપરાય છે. દા. ત : Pride is bad . પણ The pride of Ravana was the cause of his down tall.
- a / an નો ઉપયોગ અનિશ્ચિત / અષ્પષ્ટ બાબતો, મોટા વર્ગમાંથી પ્રાણી, વ્યકિત કે વસ્તુને અલગ તારવવા, સંજ્ઞાવાચક ને જાતિવાચક માં બદલી નાખવા માટે વપરાય છે.
- સંદર્ભ બતાવવા  એટલે કે એકવાર વાત કે ઉલ્લેખ થયા બાદ ફરીથી તે જ વસ્તુની વાત કરવા, એક વચનનું નામ આખા વર્ગ માટે, કુદરતની એક અને માત્ર એક જ વસ્તુઓ (સૂર્ય, ચંદ્ર, ગ્રહ, પર્વત ......) ,

DOWNLOAD FROM almayshah.blogspot.com

ધર્મ શાસ્ત્રો, મહા કાવ્ય અદ્વિતીય ( અજોડ ) વસ્તુ, વિશેષણથી નવાજાયેલા નામ, સુપરલેટિવ ડીગ્રી ( Superlative degree) આગળ ક્રમ દર્શાવવા વિશેષણની પહેલાં , સંગીતના વાદ્યો, Noun ને અધ્યાહાર કરવા, noun પર ભાર મૂકવા માટે the આર્ટિકલ વપરાય છે.

- water, milk, oil, honey જેવી પ્રવાહી વસ્તુ આગળ a /an આર્ટિકલ મૂકાતો નથી કારણ કે આવી વસ્તુઓ 1,2, 3........ એમ સંખ્યા વડે ગણી શકાતી નથી.

## ❖ These, Those

- This (આ) નું બહુંવચન These (ધિસ) અને That ( પેલું) નું બહુવચન Those (ધોઝ) છે.
- These અને Those બંને બહુવચનના રૂપ હોવાથી તેમની સાથે to be નું વર્તમાનકાળનું are રૂપ વપરાય છે.
- These અને Those સાથે આર્ટિકલ ( a /an) અવતો નથી.

## Formula:

- હકારઃ These / Those + are + (o.w.p) પદાર્થનું કે અન્યનું બહુવચન
- નકારઃ These / those + are + not + o.w.p
- પ્રશ્નાર્થઃ Are + these/ those + o.w.p +?
- પ્ર.નકારઃ Aren’t + these/ those + o.w.p +?

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ My, Your, His, Her, Our, Your, Their

My ( માય)   મારું

Our  (અવર) અમારું

Your ( યોર)  તમારું

Your   (યોર)  તમારું

His ( હિઝ  તેનું  (પુરુષ)

Her  (હર ) તેનું  ( સ્ત્રી )

Their  ( ધેયર )

તેઓનું

Its  (ઈટસ )  તેનું  ( નાન્યતર )

- અહી My,  Your, His, Her, Its, Our, Their  વગેરે છટ્ઠી  વિભકિતના ભાવ  ( રૂપો )  છે.  આ વિભકિત માલિકીનો ભાવ સુચવે છે.
- Our, Your, અને  their  એ બહુવચનના   રૂપો  છે.
- માલિક અને માલિકની વસ્તેનો  સંબંધ દર્શાવનારા સર્વનામો  my, your, her, his, Its  નામની આગળ અવીને વિશેષણ નું કાર્ય કરે છે. તેથી તેમને  માલિકી દર્શક  વિશેષણો  ( Possessive  Adjectives ) કહે છે.
- નામની પહેલાં  વિશેષણ આવે તો નામની સાથે આર્ટિકલ આવતો નથી   a my bike   લખાય  નહી. માત્ર  my bike જ  લખાય.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Plural (બહુવચન)

- સમાન્ય રીતે શબ્દ ને છેડે s લગાડવાથી તેનું બહુવચન થાય છે.
- જો શબ્દ ને છેડે s, ss, sh, ch, chh, x, o, હોય તો es લગાડવાથી બ. વ બને છે.
- દા. ત : bus – busses, glass- glasses, box- boxes, mango- mangoes, watch – watches.
- જો શબ્દને છેડે t કે te હોય તો તે નીકળી જાય છે અને તેની જગ્યાએ ves લાગે છે. જેમાં roof, hoof, safe, hanker chief વગેરે અપવાદ છે. જેમાં માત્ર s લાગે છે.
- શબ્દને છેડે y હોય તો y નીકળી જાય છે અને ies લાગે છે પણ જો y ની પહેલા સ્વર હોય ( a, e, i, o, u ) તો માત્ર S લાગે છે અને y પણ નીકળતો નથી. દા. તઃ baby – babies, toy – toys.
- સંયુકત નામોનું બ. વ કરતી વખતે બંને માંથી જેનું વધારે મહત્વ હોય તેની આગળ S લાગે છે.

  જેમ કે, father-in- law - fathers-in-law

  mather-in-law - mathers-in-law
- કેટલાક સંયુકત નામોમાં બંને પદોનું બહુવચન થાય છે.

  જેમ કે, man servant - men servants
- women servant – women servants
- નામની પહેલા સંખ્યાવાચક વિશેષણ આવે તો બ. વ નો પ્રત્યય લાગતો નથી. જેમ કે, one dozen - one dozen, one hundred – dive hundred
- scissors, spectacles, people, cattle વગેરે હંમેશા બ.વ અને news, innings વગેરે હંમેશા એ.વમાં વપરાય છે.
- કેટલાક બ.વના રૂપ અનિયમિત છે.

  man – men     woman – women

  foot – feet     child - children

  tooth – teeth     mouse – mice
- અમૂકના એ.વ અને બ.વના રૂપ સમાન જ હોય છે. જેમ કે,

  sheep – sheep     sugar – sugar

  dear – dear     salt – salt

  tea – tea

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Type of Questions :

- અંગ્રેજીમાં બે પ્રકારના પ્રશ્નો આવે છે.
- (૧) ક્રિયાપદથી (verb) શરૂ થતા પ્રશ્નો જેને verbal Question કહેવાય છે.
- (૨) Wh- થી શરૂ થતા પ્રશ્નો what, when, which, who, where, How, why, whom, whose આ બધા Wh- Question કહેવાય છે.
- અહી How એ Wh થી શરૂ થતો નથી પણ તેને આ પ્રકારનો જ ગણાય છે.

## (૧) ક્રિયાપદથી શરૂ થતા પ્રશ્નો ( verbal Ques )

- જે ક્રિયાપદથી પ્રશ્નવાકયની શરૂઆત થઈ શકે છે તે ક્રિયાપદો નીચે મૂજબ છે.
- વ.કાઃ is, am, are, have, has, do, does, shall, will, can, may, must, ought, need, dare
- ભૂ.કાઃ was, were, had, did, should, would, could, might, used.
- ઉપરોકત ૨૪ ક્રિયાપદ સિવાય બીજા કોઈ પણ ક્રિયાપદથી પ્રશ્નની શરૂઆત થતી નથી.
- ક્રિયાપદને નકાર કરવા તના પછી તરત જ not મૂકવામાં આવે છે. not શબ્દને જોડવાથી તેમના ટૂંકા રૂપો થાય છે. is not = isn't , has not = hasn't વગેરે .
- ક્રિયાપદથી શરૂ થતા કોઈ પણ પ્રશ્નો જવાબ yes કે No માં આપી શકાય છે.

## (૨) Wh Questions

- જે પ્રશ્નોની શરૂઆત when, where, why, what, who, which, whom, whose અને How શબ્દથી થાય તેવા પશ્નોને Wh- Question કહેવામાં આવે છે.
- Wh- Question નો ઉત્તર Yes કે Noમાં અપાતા નથી તેમના ઉત્તર માટે કોઈને કોઈ માહિતી ચોકકસ રીતે ( અચૂક / ફરજિયાત ) આપવી પડે છે. આથી આવા પ્રશ્નો ને Information Questions પણ કહે છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Yes – No

- અમુક વિશિષ્ટ પ્રશ્નો જવાબ Yes કે No માં જ આપવો પડે છે.

  દા. તઃ Is this your pen ?

  Yes, it is.

  yes,it is my pen.

  yes, it's my pen
- અહીં પ્રશ્નના ત્રણ ઉત્તર આપેલા છે પહેલો ઉત્તર ટૂંકા સ્વરૂપનો છે અને બાકીના બે ઉત્તર પૂરા આપેલ છે.
- ઘણીવાર અંગ્રેજીમાં Yes કે No નો ઉપયોગ કરતી વખતે પૂરા વાકયમાં જવાબ ન આપતા ટૂંકમાં ઉત્તર અપાય છે. જેમ કે, Is this a book?
- Yes, it is
- No, it isn't
- અહીં It is ના સ્થાને it's પણ લખી શકાય પણ માત્ર હકારમાં it is જ લખવું કે બોલવું પડે it's લખી કે બોલી શકાય નહિ.
- isn't એ is not નું ટૂંકું રૂપ છે નકારમાં ઉત્તર આપતી વખતે સામાન્ય રીતે is not ને બદલે isn't જ વપરાય છે.

## ❖ 'S & Of

- બ.વ માં છેડે s કે es લગાડવાનો હોય ત્યારે 'S લાગતો નથી માત્ર ' લાગે છે. દા.ત : farmers - farmers'

  donkey - donkey's.
- સજીવો માટે 'S ના સ્થાને of વાપરી શકાય પણ નિર્જીવ માટે તો મોટે ભાગે of જ વપરાય છે.
- Ramesh's pen – pen of Ramesh પણ cow's leg એમ ન લખાય તેને leg of cow એમ જ મોટેભાગે લખાય.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Mine-yours, theirs

- સર્વનામના છઠ્ઠી વિભક્તિ ના રૂપો mine, yours, his, hers, ours, theirs છે.
- his છઠ્ઠી વિભક્તિ નું રૂપ બે રીતે વપરાય છે. This is his book. / This book is his.
- It સર્વનામનું રૂપ it's એક જ છે. આ રૂપ કદી છેડે મૂકાતુ નથી.
- my, your વગેરે is પહેલા આવે જયારે mine, yours વગેરે is પછી આવે. જેમ કે,
- This is my book – This book is mine.

## ❖ Commands – આજ્ઞાર્થ

- આપણે રોજબરોજના જીવનમાં કોઈને કંઈ કરવાનું કહેતા હોઈએ છીએ જેમ કે, પેન લાવ. આવા વાકયોને આજ્ઞાર્થ વાકયો કહેવામાં આવે છે.
- અજ્ઞાર્થ વાકયમાં કર્તા તરીકે you હોય છે પણ તેનો ઉલ્લેખ કરતો નથી. જેમ કે, તું / તમને આપો ને Give a pen એમ લખાય છે.
- આજ્ઞાર્થ વાકયની શરૂઆત લગભગ ક્રિયાપદથી શરૂ થાય છે પણ કેટલીક વાર ઉપદેશ આપવા કે સલાહ કે વિનંતી કરવા please, Don't જેવા શબ્દો વપરાય છે. જેમ કે,
- Please switch on the fan – મહેરબાની કરી પંખો ચાલુ કરો
- Don't speake a lie – જૂઠ્ઠૂં બોલો નહિ.
- અહિ Don't = Do not નકાર વાકય માટે વપરાય છે જયારે Don't આજ્ઞાર્થ વાકયમાં વપરાય તો તેનો કોઈ અર્થ નથી તે માત્ર વાકયને નકાર બનાવવા માટે સહાયકારક ક્રિયાપદ તરીકે વર્તે છે.
- અહી જયારે Don't આવે ત્યારે બીજી વિભક્તિ ના રૂપો me, us, you, him, her, it, them વપરાય છે. જેમ કે, Don't disturb me – મને ખલેલ / હેરાન ન કરો
- Don't cheat us – અમને છેતરશો નહિ

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Have - Has

- to have ( હેવ ) – ની પાસે હોવું, – નું હોવું, ની માલિકનું હોવુ.
- to has એ વ.કા ત્રી.પુ એ.વ માટે વપરાતું to have નું રૂપ છે. જે He, She, it વગેરે માટે વપરાય છે. જયારે બાકીનામાં has વપરાય છે.
- have કે has પછી not મૂકવાથી કે no મૂકવાથી નકારવાચક વાકય બને છે (have/ has) not નું ટુકૂં રૂપ haven't છે.
- જેમ કે, અમારી પાસે બાઈક નથી – We have not a bike/ We haven't a bike/ We have no bike.
- Have અને Has ને વાકય ની શરૂઆતમાં મૂકતાં પ્રશ્નાર્થ વાકય બને છે. જેનો yes/ no માં ટૂકો તેમજ પૂર્ણ જવાબ આપી શકાય છે.
- ઘણીવાર have / has સાથે got પણ વાપરવામાં આવે છે. જેથી વાકયમાં કોઈ ફેર પડતો નથી.
- We have a bike = we have got a bike.
- got શબ્દ વાળા પ્રશ્નાર્થ વાકયમાં ટૂંકમાં જવાબ આપતી વખતે got વપરાતો નથી. પૂર્ણ ઉત્તર માટે got લખાય છે. જેમ કે, Has Minaxi got a pencil ?
  - No, she hasn't / yes, she has.
  - Yes, she has got a pencil
  - No, she hasn't got a pencil
- ## Formula:

  હકાર : કર્તા + have / has( got) + બાકીના શબ્દો
- નકારઃ કર્તા + have/ has + not +got + બા. શ
- પ્રશ્નાર્થઃ Have/ Has + કર્તા + got + બાકીના શબ્દો + ?
- નકાર : Haven't / hasn't + કર્તા + got + બાકીના શબ્દો + ?

## ❖ Had

- Have / has બંનેનું ભૂતકાળનું રૂપ had છે.
- have /has સાથે જેમ got વપરાથ છે તેમ had પછી પણ got વપરાય છે.
- had પછી not મૂકતા had not / hadn't થાય છે અને વાકય નકાર બને છે.
- Have / has ની જેમ had ને શરૂઆતમાં મૂકતાં પ્રશ્નાર્થવાકય બને છે જેને yes/ no માં ટૂકો ઉત્તર કે પૂરો ઉત્તર આપી શકાય છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

- Formula:

- હકારઃ કર્તા + had + got + બાકીના શબ્દો
- નકારઃ કર્તા + had + not + got + બાકી ના શબ્દો
- પ્રશ્નાર્થઃ Had + કર્તા + got + બાકીના શબ્દો + ?
- પ્ર. નકારઃ Hadn't + કર્તા + got + બાકીના શબ્દો + ?

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Introductory 'there' (પ્રાસ્તવિક, there )

- વાકયમાં જયારે કોઈ અનિશ્ચિત મનુષ્ય, પ્રાણી કે વસ્તુ is કે are ક્રિયાપદ ના કર્તા તરીકે આવે ત્યારે મોટે ભાગે આપણે is કે are ની પૂર્વે there અને is કે areની પછી કર્તા તરીકે આવેલું નામ મૂકીને આ પ્રકારની રચના કરવામાં આવે છે.
- આવી રચના Introductory there (પ્રાસ્તવિક there) તરીકે ઓળખાય છે.
- સામાન્ય રીતે અંગ્રેજીમાં વાકયની શરૂઆત કર્તાથી થાય છે. અહી કર્તાને સ્થાને thereનો ઉપયોગ થાય છે. આ અંગ્રજીનો એક વિશિષ્ટ પ્રકાર છે.
- અહી વાકયમાં there નો અર્થ કંઈ નથી તે માત્ર વાકયની શરૂઆત કરી આપે છે.
- There પછી વ.કા માં 'to be' ક્રિયાપદનું રૂપ is/ are આવે છે. અને પછી કર્તા આવે છે.
- There થી શરૂ થતા વાકયમાં ક્રિયાપદ તેની પછી આવતા કર્તા પ્રમાણે એ.વ કે બ.વ માં આવે છે. એટલે કે કર્તા એ.વ તો ક્રિયાપદ એ.વ અને કર્તા બ.વ તો ક્રિયાપદ બ.વ માં હોય છે.
- પ્રશ્નાર્થ વાકયમાં is/ are/ wh. Que પહેલા મૂકવામાં આવે અને પછી there અને બીજુ મૂકવામાં આવે છે. અને is/ are પછી not મૂકતાં isn't/ aren't મૂકીને વાકય નકાર બનાવાય છે.
- **Formula:**
- હકારઃ There + is/ are + કર્તા + બાકીના શબ્દો
- નકારઃ There + is/ are +not + કર્તા + બાકીના શબ્દો
- પ્રશ્નાર્થઃ Is / are/ + there + કર્તા + બાકીના શબ્દો + ?

  પ્ર. નકારઃ Isn't/ aren't + there + કર્તા + બાકીના શબ્દો + ?

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ How many? – How much?

- How many? = How much? = કેટલું

  How many અને How much બંનેનો ગુજરાતીમાં અર્થ સમાન થાય છે. પરંતુ અંગ્રેજીમાં તેમનો અર્થ ભિન્ન છે.
- How many પ્રશ્નના ઉત્તરમાં 1, 2, 10, 25, 50, એમ ચોકકસ સંખ્યાનો / આંકડાનો નિર્દેશ થાય છે. આમ, જે વસ્તુની ગણતરી થઈ શકતી હોય તેવી વસ્તુને How many વડે પ્રશ્નાર્થમાં પૂછાય છે.
- How much પ્રશ્નનો ઉત્તર જે વસ્તુ ગણીના શકાય તેવી વસ્તુનો પ્રશ્નાર્થમાં ઉપયોગ કરાય છે. જેમ કે બધી જ દ્રવ્ય વાચક ( નામ) વસ્તુઓ પાણી, તેલ, ધાતુ , અનાજ વગેરે પૂછવા How much વપરાય છે.
- ગણી શકાય તેવી વસ્તુને Constable nouns & ન ગણી શકાય તેવી વસ્તુને Uncountable nouns કહે છે.
- How many & How much ના પ્રશ્નના જવાબમાં કેટલીક વાર some, any જેવા શબ્દો વપરાય છે. some શબ્દ હકારમાં તથા any શબ્દ પ્રશ્નાર્થ અને નકાર માટે વપરાય છે.
- ઉપરાંત some અને any બંને શબ્દો countable & uncountable માટે વાપરી શકાય છે.

## ❖ a lot of , plenty of

- some કેટલાક, enough – પુરતું , No- ના. આ શબ્દો ગણી શકાય અને ન ગણી શકાય એમ બંને પ્રકારના પ્રશ્નો ના જવાબ માટે આપી શકાય છે.
- જયારે a few – થોડું. એ ગણી શકાય અને a little - થોડું . એ ન ગણી શકાય તેવી વસ્તુઓ માટે વપરાય છે.

## ❖ Going to:

- ભવિષ્ની કોઈ યોજના કે ઈરાદા ને ચાલુ વર્તમાનકાળમાં દર્શાવવા going to નો ઉપયોગ થાય છે.

## ❖ Formula:

- ❖ હકારઃ કર્તા + is / am/ are + going to + ક્રિયાપદ નું મૂળ રૂપ + બાકીના શબ્દો
- ❖ નકારઃ કર્તા + is / am / are + not + going to + ક્રિયાપદનું મૂળ રૂપ + બાકીના શબ્દો

DOWNLOAD FROM almayshah.blogspot.com

# ❖ Can, could, would, use – used to- to be used

❖ Can એ સહાયકારક ક્રિયાપદ છે અને તે શકિત / કાર્યક્ષમતા દર્શાવે છે.

❖ Can સાથે હંમેશા ક્રિયાપદનું to વગરનું મૂળરૂપ જ વપરાય છે.

❖ Can નો ઉપયોગ પરવાનગી માગવા કે આપવા માટે કરી શકાય છે.

## ❖ Formula:

❖ હકારઃ કર્તા + can + ક્રિયાપદનું to વગરનું રૂપ + બાકીના શબ્દો

❖ નકારઃ કર્તા + can't + ક્રિયાપદનું to વગરનું રૂપ + બાકીના શબ્દો

❖ પ્રશ્નાર્થઃ can + કર્તા + ક્રિયાપદનું to વગરનું + બાકીના શબ્દો + ?

❖ પ્ર. નકાર : can't + કર્તા + ક્રિયાપદનું to વગરનું + બાકીના શબ્દો + ?

❖ Can નું ભૂ.કા નું રૂપ could છે. could મૂકીને can વાળા વાકયોનું ભૂ.કામાં રૂપાંતર થઈ શકે છે.

## ❖ Formula:

❖ can ની Formula માં can ના સ્થાને Could મૂકી દેતાં formula બનશે.

❖ ભૂતકાળ માં કોઈ વિશિષ્ટ બાબતની શકયતા અથવા સમર્થતા વ્યકત કરવા માટે could ના સ્થાને was / were able to વાપરી શકાય જે વધુ યોગ્ય ગણાય છે.

❖ would એ પણ એક સહાયકારક ક્રિયાપદ છે. તે will નું ભૂ.કાની એકાદી ટેવ અથવા રીત દર્શાવાય છે.

❖ would ના જેવી જ બીજી રચના છે used to ના ત્રણ પ્રકાર છે. use - used to - be used to.

❖ use શબ્દનો ઉપયોગ ક્રિયાપદ તરીકે વપરાય છે. આ ક્રિયાપદનો અર્થ વાપરવું કે ઉપયોગમાં લેવું એમ થાય છે.

❖ used to એ would ની જેમ ભૂ.કામાં વપરાય છે. be used to – get, used to – become used to રચનામાં ટેવ પડી ગયેલું કે ટેવાઈ ગયેલું એવો અર્થ થાય છે.

❖ used to અને be used to પછી હંમેશા ક્રિયાપદ નું મૂળરૂપ વપરાય છે.

❖ used to નો વધુ ઉપયોગ ભૂ.કામાં થતી વારંવારની ઘટનાઓ માટે થાય છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ May –Might

❖ May પણ canની જેમ સહાયકારક ક્રિયાપદ છે.

❖ પરવાનગી આપવા કે લેવા માટે may ક્રિયાપદ વપરાય છે.

❖ કોઈ ને શુભેચ્છા કે આશીર્વાદ આપવા માટે પણ Mayનો ઉપયોગ થાય છે.

❖ Might પણ May ની જેમ જ સંભવ વ્યકત કરવા માટેનું સહાયકારક ક્રિયાપદ છે.

❖ Might અને Mayનો અર્થ એક જ છે.

## ❖ Formula:

❖ હકારઃ કર્તા + may/ might + to વગરનું ક્રિયાપદનું રૂપ + બાકીના શબ્દો

❖ નકારઃ કર્તા + may/ might + not + to વગરનું ક્રિયાપદનું રૂપ + બાકીના શબ્દો

❖ પ્રશ્નાર્થઃ May/ Might + કર્તા + to વગરનું ક્રિયાપદનું રૂપ + બાકીના શબ્દો + ?

## ❖ Must- Need’t, Have to – has to – Had to

❖ કોઈ કામ બંધનકારક કે ફરજિયાત અથવા જરૂરી છે એવો અર્થ વ્યકત કરવા માટે સહાયકારક ક્રિયાપદ must મૂકી ને ક્રિયાપદ નું મૂ.રૂ. મૂકવામાં આવે છે.

❖ Needn’t એ પણ must જેવું જ રૂપ છે પણ તેનો અર્થ કોઈ કામ કરવાનું બંધન નથી અથવા તો તે કામ જરૂરનું નથી તેમ દર્શાવવા થાય છે.

## ❖ Formula: (must)

❖ હકારઃ કર્તા + must + to વગરનું ક્રિયાપદનું રૂપ + બાકીના શબ્દો

❖ નકારઃ કર્તા + must + not + to વગરનું ક્રિયાપદનું રૂપ + બાકીના શબ્દો

## ❖ Formula: (Needn’t)

❖ કર્તા + Needn’t + to વગરનું ક્રિયાપદનુ મૂળરૂપ + બાકીના શબ્દો

❖ Have to- Has to નો અર્થ must ની જેમ જ થાય છે. ભવિષ્યની ઘટના માટે must ને બદલે Have to કે Has to મૂકવામાં આવે છે જયારે ભૂ.કા ની ઘટના માટે must ને બદલે Had to મૂકવામાં આવે છે.

## ❖ Formula:

❖ હકારઃ કર્તા + have / has/had+ not + to ક્રિયાપદનું મૂ.રૂ + બાકીના શબ્દો

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ **Should- Ought to**

- ❖ Should એ બધા જ કર્તા માટે વપરાય છે. Should અને Ought to બંને કર્તવ્ય દર્શક શબ્દો છે. તેનો અર્થ થવું જોઈએ, કરવું જોઈએ વગેરે થાય છે.
- ❖ Ought to પણ Should ની જેમ બધા જ કર્તા માટે વપરાય છે.
- ❖ Should અને Ought to પછી હંમેશા મુખ્ય ક્રિયાપદનું to વગરનું મૂળ રૂપ આવે છે.
- ❖ જયારે ક્રિયાઓ ભૂ.કા માં બતાવવી હોય તો should/ ought to પછી have મૂકી ક્રિયાપદનું ભૂતકૃદંત મૂકવામાં આવે છે.
- ❖ નકાર વાકય કરતી વખતે shouldn't અને oughtn't મૂકવામાં આવે છે.

## ❖ Formula:

- ❖ હકાર(નકાર): કર્તા + should/ought to + not + have + ક્રિયાપદનું to વગરનું મૂળરૂપ
- ❖ ભૂ.કા માટે : કર્તા + should / ought to (not) + have + ક્રિયાપદનું to વગરનું મૂળરૂપ

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Adverbs (ક્રિયાવિશેષણો):

- ❖ જે શબ્દો ક્રિયાપદના અર્થમાં વધારો કરે તેવા શબ્દોને ક્રિયાવિશેષણો કહેવાય છે.
- ❖ જે adverbs ક્રિયા કેવી રીતે થઈ એ બતાવે તેને અંગ્રેજી માં adverbs of manner ( પ્રકાર દર્શક ) કહેવાય છે. soundly, sweetly, bravely, વગેરે પ્રકાર દર્શક adverbs છે.
- ❖ જે adverbs ક્રિયા કયારે થઈ તે બતાવે તેને adverbs of time – ( સમયદર્શક ક્રિયાવિશેષણ ) કહેવાય છે. today, yesterday, soon વગેરે સમય દર્શક adverbs છે.
- ❖ જે adverb ક્રિયા કયાં થઈ તે બતાવે તેને adverbs of place ( સ્થળ દર્શક ) કહેવાય છે. there, out, here, વગેરે સ્થળ દર્શક adverbs છે.
- ❖ વિશેષણને છેડે le હોય તો e કાઢી y લગાડતાં adverb બને છે. gentle – gently.
- ❖ વિશેષણને છેડે y હોય અને y ની પહેલાં વ્યંજન હોય તો ly લગાડતાં પહેલાં y નો i કરવામાં આવે છે. happy – happily.
- ❖ બાકીના વિશેષણોનં મોટેભાગે સામાન્ય રીતે ly લગાડતાં adverb બને છે.
- ❖ when, where, why અને how જેવા adverb પ્રશ્નાર્થ વાકયની શરૂઆતમાં આવે છે.
- ❖ adverb જે શબ્દના અર્થમાં વધારો કરે તેની બંને એટલી નજીક મૂકવામાં આવે છે.
- ❖ Always, never, of ten, sometimes એ બધા time – adverb છે. જે ક્રિયાપદના અર્થમાં વધારો કરે તેની પહેલાં પણ to be ક્રિયાપદ પછી મૂકવામાં આવે છે.
- ❖ જો ક્રિયાપદ સહાયકારક અને મુખ્ય ક્રિયાપદનું બનેલું હોય તો આ ક્રિયા વિશેષણો સહાયકારક ક્રિયાપદ અને મુખ્ય ક્રિયાપદની વચ્ચે મૂકવામાં આવે છે.
- ❖ જો સકર્મક ક્રિયાપદ ની પછી તરત જ કર્મ આવતું હોય તો adverb કર્મ ની પછી મૂકવામાં આવે છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Question tags

❖ વિધાન વાકયને તે વિધાન વિશે હમતિ પૂછવા કે હકારમાં કહેવા માટે ટૂંકા પ્રશ્નો પૂછાય છે. જેમને Question tags કહેવાય છે.

❖ મહેશ હોશિયાર છે, નહિ ? – Mahesh is clever, isn't he?

❖ જો વિધાન વાકય હકાર તો Que. tags નકારમાં અને વિધાન વાકય નકાર તો Que. tags હકાર હોય છે.

❖ Question tags ના ફેરફારોઃ

| | |
|---|---|
| is – isn't | can – can't |
| are – aren't | must – mustn't |
| am – ain't / am not | has – hasn't |
| was – wasn't | have – haven't |
| were – weren't | do – don't |
| will – won't | should – shouldn't |
| shall – shalln't | did – didn't |
| would – wouldn't. | |

## ❖ Let / Let's

❖ let us = Let's. કોઈ પણ સૂચના કરતી વખતે બોલનાર સાથે પોતાનો પણ તેમાં સમાવેશ કરે છે ત્યારે Let's ની રચના થાય છે.

❖ Let ની રચના વાળા આજ્ઞાર્થ વાકયોમાં મોટે ભાગે you અધ્યાહાર હોય છે. જેમ કે,
Let me go – (તમે / તુ) મને જવા દો.

❖ Let her cook – તેણી ને રાંધવા દો.

❖ Let us, Let him, Let them જેવી રચના માં ફકત પરવાનગી માગવામાં આવે છે તેવો અર્થ હોય છે.

❖ Let ક્રિયાપદનો અર્થ allow – કરવા દો, પરવાનગી આપો એમ થાય છે.

❖ Let ના સ્થાને allow વાપરી શકાય પણ allow નો ઉપયોગ કરતી વખતે ક્રિયાપદની પહેલાં to મૂકવામાં આવે છે. જેમ કે, Let me go.

- Allow me to go.

DOWNLOAD FROM almayshah.blogspot.com

# ❖ Exclamatory Sentences (ઉદગાર વાચક વાકયો)

- ઉદવાર વાચક વાકયો માં what/ How શબ્દ શરૂઆતમાં મૂકવામાં આવે છે અને ક્રિયાપદ વાકયના અંતે મૂકાય છે. વાકયને અંતે (!) મૂકવુ ફરજિયાત છે.
- ઉદગાર વાચકનું વિધાન વાકયમાં પરિવર્તન કરતી વખતે what /how કાઢી નાખવામાં આવે છે.
- તેને સ્થાને પ્રથમ કર્તા અને પછી ક્રિયાપદ મૂકી વિધાન વાકયની રચના કરવી પડે છે.
- How / what ને very વડે અભિવિકત થાય છે અને પછી મૂળ વાકયના વિશેષણ કે ક્રિયાવિશેષણ મૂકી બાકીના શબ્દો લખવામાં આવે છે.
- કેટલાક ઉદગાર વાચક શબ્દોઃ

- How beautiful! – કેટલુ સુંદર
- Excellent! – ઉત્તમ
- of course! – હાસ્તો
- How sad! – કેટલું દુ:ખદ
- How interesting! – કેટલું રસપ્રદ
- Bravo!- શાબાશ
- How sweet! – કેટલું મીઠું
- How marvelous! – કેટલું સરસ
- How terrible! – કેટલું ભયાનક
- How funny! – કેટલું મઝાનું
- Thank god! - હાશ
  - god! – હે ભગવાન
- Congratulations! – અભિનંદન
- What a pity! – કેટલી દુ:ખદ વાત
- Wonderful! – આશ્ચર્યજનક
- What a shame! – કેટલું શરમજનક
- Hurry up! – જલ્દી કર
- Quite right! – બિલકુલ બરાબર
- How absurd! – કેટલું હાસ્યાસ્પદ
- Oh dear! – અરે
- Thanks! – આભાર
- How surprising! – કેટલું આશ્ચર્યજનક
- What nonsense! – કેવી મૂર્ખાઈ
- How great! – કેવો મહાન
- Beware! - સાવધાન

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ **Degree:**

- ❖ Degree ના ત્રણ પ્રકાર છે. possitive, comparative અને Superlative.
- ❖ Possitive Degree માં મૂળ વિશેષણ જ વપરાય છે. વિશેષણને -er પ્રત્યય લગાડવાથી તેનું Comparative degree નું રૂપ બને છે. વાકયમાં એ રૂપ પછી હંમેશા તુલનાદર્શક શબ્દ than વપરાય છે.
- ❖ જેની તુલના થઈ હોય તેનું નામ કર્તા તરીકે અને જેની સાથે તુલના થઈ હોય તેનું નામ than પછી મુકાય છે. જયારે બે વ્યકિતઓ કે વસ્તુની તુલના કરવી હોય ત્યારે જ Comparative degree વપરાય છે.
- ❖ વિશેષણના મૂળ રૂપને -est પ્રત્યય લગાડવાથી તેનું Superlative degree બને છે. એ રૂપની પહેલા હંમેશા આર્ટિકલ the મૂકાય છે. Superlative degree ત્રણ કે તેથી વધારે વ્યકિતઓ કે વસ્તુઓમાં એકની શ્રેષ્ઠતા બતાવવી હોય ત્યારે જ વપરાય છે.
- ❖ than પછી સર્વનામ (pronoun) – ના કર્મ વિભકિતના રૂપો ( her, his, વગેરે) નહિ પણ કર્તા વિભકિતના રૂપો ( she, he, you) વગેરે મૂકાય છે.

## ❖ Formula:

- ❖ કર્તા + to be નું રૂપ + not + as + મૂળ વિશેષણ + as + સરખામણી જેની સાથે થઈ છે તે શબ્દ
- ❖ ઘણીવાર as.....as ના બદલે not so... as જેવી રચના પણ વપરાય છે.
- ❖ હ.ન (Co): કર્તા + c. d નું રૂપ + than + બીજો સરખામણીનો શબ્દ
- ❖ હ.ન (Sup) : કર્તા + to be (+ not ) + S.D નું રૂપ + બાકીના શબ્દો
- ❖ Comparative & Superlative degree ના વિશેષણના કેટલાક નિયમો છે. જે નીચે મૂજબ છે. સામાન્ય રીતે 'er' & '-est' પ્રતયય લાગે છે. tall – taller – tallest.
- ❖ અંતે e હોય તો માત્ર 'r' & 'st' લાગે છે. wise – wiser – wisest.
- ❖ છેડે y હોય તો અને તે પહેલાં વ્યંજન હોય તો y નો i થાય છે અને પછી -er /est પ્રત્યય લાગે છે.

  heavy – heavier – heaviest

  happy – happier – happiest
- ❖ નાના ( 3-4) વિશેષણોને 'er' કે 'est' મૂકતા છેડેના અક્ષરો બેવડાય છે.

  big – bigger – biggest

  hot – hotter – hottest.

DOWNLOAD FROM almayshah.blogspot.com

- જો શબદ લાંબો હોય તો અને બે કે તેથી વધે સ્વર હોય તો તેની આગળ more & most લગાડાય છે.
  difficult – more difficult – most difficult
  beautiful – more beautiful – most beautiful.
- જો છેડે ly હોય તો પણ more & most લગાડવામાં આવે છે.
  Carefully – more – carefully – most carefully
  bravely – more bravely – most bravely.
- કેટલાક વિશેષણના શબ્દો અનિયમિત હોય છે. good – better – best, bad/ ill – warse – worst, much/ many – more – most.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Squence of tense ( કાળાન્વય )

- ❖ જો મુખ્ય વાકયમાં વ.કા કે ભ.કા નું ક્રિયાપદ આવેલુ હોય તો તેના પછીના ગૌણ વાકયમાં વાકયના ભાવ કે અર્થ પ્રમાણે કોઈ પણ કાળનું ક્રિયાપદ આવી શકે.
- ❖ જો મુખ્ય વાકયનું ક્રિયાપદ ભૂ.કામાં હોય તો ગૌણ વાકયનું ક્રિયાપદ ભૂ.કાના યોગ્યરૂપમાં હોવું જોઈએ.
- ❖ પરંતુ જો ગૌણવાકય કુદરતના નિયમ પ્રમાણે બન્યા કરે તેવું વિધાન હોય, કોઈ કહેવત હોય કે હંમેશા સાચી ગણાય એવી હકીકત હોય તો મુખ્ય વાકયનું ક્રિયાપદ ભૂ.કા માં હોવા છતાં પણ ગૌણ વાકયનું ક્રિયાપદ હંમેશા સા.વ. કા માં જ રહે છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

# ❖ Active –Passive voise

❖ A.v : કર્તા + ક્રિયાપદ + કર્મ

P.v: કર્મ + સ.ક્રિ + ભૂ.કૃ + by + કર્મ

❖ અહીં A.V માં ફેરફાર થતા કર્તાનું સ્થાન કર્મ લે છે અને કર્મનું સ્થાન કર્તા લે છે.

❖ કાળ પ્રમાણે યોગ્ય સહાયકારક ક્રિયાપદ મૂકવામાં આવે છે. પછી ક્રિયાપદનુ ભૂ. કૃ અને by મૂકવામાં આવે છે. તેના પછી કર્તાની કર્મ વિભકિત આવે ી.

❖ જયારે કર્તા કર્મ બને અને કર્મ કર્તા બને ત્યારે એ. વ / બ.વ ના નામ મુજબ સ.ક્રિયાપદ મુકાય છે. અને સર્વનામમાં પણ ફેરફાર થાય છે. તથા કર્તા વિભકિત કર્મ વિભકિત અને કર્તા વિભકિત કર્મ વિભકિત

I - Me

We – us

You – You

He – him.

She – her

It – It

They – them

❖ ઉપરના સર્વનામ આપેલા હોય તો તેમાં ફેરફાર થાય છે. પણ જાતિવાચક નામ કે ખાસ્ત નામ હોય તો તેમાં ફેરફાર થતો નથી.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ too.....so......that.......not

- ❖ too એ એક ક્રિયાવિશેષણ છે. તેનો અર્થ .........so..........that.........not......... થાય છે.
- ❖ જેમ કે He is so honest that he will not accept a bribe. આ વાકયમાં ......so....that.....not ને બદલે too વાપરીને અર્થ બદલ્યા વગર વાકય લખી શકાય છે. He is too honest to accept a bribe.
- ❖ too શબ્દ કાઢીને તેની જગ્યાએ so શબ્દ મૂકવામાં આવે છે. અને પછી જે વિશેષણ કે ક્રિયાવિશેષણ હોય તે મૂકાય છે. પછી that મૂકી to કાઢી નાખવામાં આવે છે. પછી શરૂઆતાનો કર્તા કે સર્વનામ મૂકીને પછી can't , couldn't, won't કે wouldn't માંથી યોગ્ય શબ્દો મૂકવા.
- ❖ ત્યાર પછી મૂળ વાકયમાં to પછી આવતો ક્રિયાવાચક શબ્દ અને બીજા શબ્દો લખવા.

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ As soon as, No sooner......then

- ❖ એક ક્રિયા થાય કે તરત જ બીજી ક્રિયા થાય તે સૂતવવા ગુજરાતીમાં 'કે તરતજ' / 'જેવું .....કે તરત જ' વપરાય છે આવા વાકયોને અંગ્રેજીમાં as soon as / no sooner..........than વડે દર્શાવાય છે.
- ❖ as soon as થી શરૂ થતું ઉપવાકય મુખ્ય વાકયની પહેલાં તેમજ પછી એમ બંને રીતે આવે છે. પરંતુ No sooner તો વાકયની શરૂઆતમાં જ વપરાય છે.
- ❖ as soon as ની માફક તે વાકયની વચ્ચે વપરાય નહિ . વળી No sooner પછી તરત જ સહાયકારક ક્રિયાપદનું યોગ્ય રૂપ આવે છે. પછી તેનો કર્તા અને ત્યાર પછી મુખ્ય ક્રિયાપદ મૂકાય છે. એ ઉપવાકય પુરુ થયા પછી જ than વપરાય છે. અને તે પછી જ મુખ્ય વાકય આવે છે.
- ❖ સહાયકારક ક્રિયાપદ વગર No sooner સાથે મુખ્ય ક્રિયાપદ એકલું વપરાય નહિ.
- ❖ as soon as વાળા ઉપવાકયમાં જો is, am, are, was કે were ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદ તરીકે હોય તો No sooner વાળા વાકયોમાં ફેરવતી વખતે No sooner પછી is, am, are, was કે were આવે છે અને પછી કર્તા આવે છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

# ❖ Direct – indirect Speech:

- ❖ Direct speech ને Indirect speechમાં ફેરવવા માટે કુલ 4 પ્રકારના વાકયો હોય છે. (૧) સાદુ વાકય (૨) પ્રશ્નાર્થ વાકય (૩) આજ્ઞાર્થ વાકય (૪) આશ્ચર્યકારક વાકય.
- ❖ બે વ્યકિત વચ્ચેના સંવાદને direct speech કહે છે. તે સંવાદને કોઈ ત્રીજી વ્યકિત દર્શાવે ત્યારે indirect speech બને છે.
- ❖ Direct speech માં બોલનારને reporter અને સાંભળનારને listener કહેવાય છે. બોલનાર સાથે Say, Said, Told, ask જેવા ક્રિયાપદ વપરાય છે. જેને reporting verb કહેવાય છે.
- ❖ વાકયમાં ( " ........." ) ચિન્હ વચ્ચેના વાકયને reported speech કહેવાય છે.
- ❖ reporting verb વ.કામાં કે ભૂ.કા માં હોય તો reported speech ના કોઈ કાળમાં ફેરફાર થતાં નથી. એટલે કે reporting verb તરીકે say, says, will say, shall say હોય ત્યારે કાળ માં કોઈ ફેરફાર થતો નથી. અવરણ ચિન્હ નીકળી જાય છે અને that થી માત્ર વાકય જોડાય જાય છે. સર્વનામમાં ફેરફાર બોલનાર અને સાંભળનાર મુજબ થાય છે.
- ❖ જયારે સનાતન સત્ય , કહેવત કે વિજ્ઞાન નો કોઈ સિધ્ધાંત હોય તો પણ માત્ર that વડે જોડાય છે. કાઈ બદલાતો નથી.
- ❖ reporting verb ભૂ.કામાં હોય તો reported speech ના નીચે પ્રમાણે ફેરફાર થાય છે.
- ❖ અવતરણ ચિન્હ નીકળી જાય છે અને that થી વાકય જોડાય છે.
- ❖ reported speech નું વાકય સા. વ નું હોય તો તેનો સા.ભૂ.કા બની જાય છે. એટલે કે is/ am / are નું was/were થાય છે.
- ❖ ચા.વ.કા નું વાકય ચા.ભૂ.કામાં ફેરવાય છે એટલે કે to be નું વ.કા નું રૂપ + ક્રિયાપદ + ing હોય તેનું to be નું ભૂ.કાનું રૂપ + ક્રિ + ing બની જાય છે. is/ am / are નું was / were થાય છે.
- ❖ પૂ.વ.કા નું વાકય પૂ.ભૂ.કા માં ફેરવાય છે. એટલે કે have / has નું had બને છે અને તેની સાથે ભૂતકૃદંત મૂકાય છે.
- ❖ વાકય સા.ભૂ.કાનું હોય તો પૂ.ભૂ.કા બને છે એટલે કે ક્રિયાપદનું ભૂ.કૃ મૂકાય છે અને સહાયકારક ક્રિયાપદ had મૂકાય છે અને did not ના સ્થાને had not મૂકાય છે.
- ❖ વાકય ચા.ભૂ.કા માં હોય તો ચા.ભૂ.કા બને છે. એટલે કે was / were નું had been થાય છે.
- ❖ વાકય પૂ.ભૂ.કા નું હોય તો તેના કાળમાં કોઈ ફેરફાર થતો નથી.
- ❖ shall, will, can, could, may, might, should, would હોય તો could, would, should, might એમના એમ જ રહે છે. જયારે shall / will નું would, can નું could અને may નું might થાય છે અને તેમની સાથેનું ક્રિયાપદનું મૂ.રૂપ એમ જ રહે છે. એટલે કે will go નું would go થાય પણ would went થતું નથી.

DOWNLOAD FROM almayshah.blogspot.com

❖ જો સમય સૂચક શબ્દ હોય તો તેમનો ફેરફાર નીચે મુજબ થાય છે.

this – that, these – those, here – there, to day – that day, tomorrow – the next, yesterday – the previous day / the day before, next week – the following week, last week – the previous week, to night – that night, ago – before, now – then, come – go, thus – so.

❖ ઉપરના શબ્દોમાં ઊંધું થતું નથી એટલે કે go નું come કે that નું this થતું નથી.

❖ reported speech માં આવતા સર્વનામો બોલનાર કે સાંભળનાર માટે વપરાયેલ હોય તો તેની વિભકિત પ્રમાણે indirect speech માં ફેરફાર થાય છે. આ ફેરફાર નીચે મૂજબ છે.

| કર્તા વિભકિત | કર્મ વિભકિત | સબંધક (છઠ્ઠી) વિભકિત | |
|---|---|---|---|
| I | Me | My | Mine |
| We | Us | Our | Ours |
| You | You | Your | Yours |
| He | Him | His | His |
| She | Her | Her | Hers |
| It | It | Its | Its |
| They | Them | Their | Theirs |

❖ reporting verb તરીકે said to ને બદલે indirect કરતી વખતે told વપરાય છે અને અવતરણ ચિન્હ નીકળી જાય છે અને વાકય that થી જોડાય છે.

❖ reported speech ના પ્રશ્નાર્થ વાકયમાં બે પ્રકારના વાકયો છે. (૧) સહાયકારક ક્રિયાપદથી (૨) પ્રશ્નાર્થ સૂચક શબ્દથી શરૂથતા વાકયો :

(૧) જયારે વાકયની શરૂઆત સ.ક્રિ જેવા કે is, am, are, was, were, shall, will, should, would, can, could, has, have, had, may, might, do, does, did થી થાય ત્યારે it / whether વડે વાકય જોડાય છ અને વાકય સાદુ બની જાય છે. અને ફેરફાર સાદા વાકયો મુજબ થાય છે. said to ને બદલે પ્રશ્નાર્થ વાકયમાં asked વપરાય છે. અને પ્રશ્નાર્થ ચિન્હ્ નીકળી જાય છે.

❖ જયારે વાકયની શરૂઆત પ્રશ્નસૂચક શબ્દ જેવા કે what, why, when, who, whom, whose, which, where, how much, how many, how far વગેરે થી શરૂ થાય ત્યારે તે પ્રશ્નાર્થ સુચક શબ્દ જ સંયોજક બની જાય છે. વાકય સાદુ બને છે. પણ પ્રશ્નાર્થ સૂચક શબ્દ જ સંયોજક બની જાય છે. said to નું asked થાય છે.

❖ પ્રશ્નાર્થ વાકયને Indirect speech માં ફેરવતી વખતે do, does, did વગેરે નીકળી જાય છે. કારણ કે વાકય પ્રશ્નાર્થ રહેતું નથી વાકય સાદું બની જાય છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

- ઉતરોકત નિયમો ટૂંકમાં Direct speech માં રૂપાંતર કરતી વખતે
- is, am, are નું was, were થાય છે.
- have / has નું had થાય છે.
- સા.વ.કા નો સા.ભૂ.કા, સા.ભૂ.કાનું પૂ.ભૂકા બને છે. had પછી ભૂ.કૃ કોઈ ફેરફાર થતો નથી.
- shall / will નું would, can નું could, may નું might થાય છે. should, would, could, might માં ફેરફાર થતો નથી.
- Do / Does નીકળી જાય છે અને ક્રિયાપદનું ભૂ.કાનું રૂપ બને છે. do/ does not નું did not બને છે.
- Did નીકળી ભૂતકૃદંત મુકાય છે. did not નું had not થાય છે.
- સમય સુચક શબ્દોમાં ફેરફાર થાય છે. say, says, will / shall say હોય તો કાળ બદલાતો નથી.
- સનાતન સત્ય, કહેવત કે વિજ્ઞાન ના સિધ્ધાતોમાં ફેરફાર થતો નથી માત્ર that લાગે છે.
- પ્રશ્નાર્થ વાકયને it/ whether વડે જોડાય છે અને પ્રશ્નાર્થ સુચક શબ્દ હોય તો તે સંયોજક બને છે.
- સાદા વાકયમાં said to નું told અને says to નું tells મૂકાય છે. જયારે પંશ્નાર્થ વાકયમાં asked/ asks મુકાય છે.
- પ્રશ્નાર્થ વાકયોનું Indirect કરતી વખતે તે સાદુ વાકય બને છે અને સાદા વાકયની જેમાં ફેરફાર થાય છે.
- હુકમનો આદેશ કે અનિવાર્ય ફરજનો ભાર સૂચવાયો હોય તો said to ને બદલે ordered કે commanded વપરાય છે.
- વિનંતીનો ભાવ સૂચવાયો હોય તો said to ને બદલે requested શબ્દ વપરાય છે.
- સલાહનો ભાવ સૂચવાયો said to ને બદલે advised વપરાય છે.
- સૂચનનો ભાવ સૂચવાયો હોય તો said to ને બદલે suggested વપરાય છે.
- સુચનાનો ભાવ સૂચવાયો હોય તો said to ને બદલે Instructed વપરાય છે.
- said to ને બદલે told કે asked પણ વપરાય છે.
- ઉપરના ફેરફાર થયા પછી Indirect કરતી વખતે to દ્વારા reported speech નું વાકય જોડાય છે. વાકયની અંદર રહેલા please જેવા શબ્દો નીકળી જાય છે.
- આજ્ઞાર્થ વાકયનું નકાર કરતી વખતે Don’t /Do not ક્રિયાપદ આવે છે. તેનું Indirect કરતી વખતે Do નીકળી જાય છે અને ક્રિયાપદ આગળ not to આવે છે.
- આશ્ચર્યકારક વાકયો નો આરંભ કરતી વખતે સામાન્ય રીતે what / How થી થતો હોય છે. આવા વાકયો નું indirect કરતી વખતે said to ને બદલે exclaimed to મૂકાય છે. અને વાકય સાદુ બની જાય છે.
- તેમાં ફેરફાર પણ સાદા વાકયની જેમ જ કાળ & સર્વનામમાં થાય છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

- reported speech ના વાકયના ભાવ પ્રમાણે exclaimed with delight, exclaimed with, sorrow , exclaimed with, disgust, exclaimed with joy, joyfully, angrily, in fear, with wonder, with surprise, with appreciation જેવા phrases વપરાય છે.
- વાકયમાં વપરાતા oh, Hurrah, Alas, what અને How જેવા શબ્દો નીકળી જાય છે અને કેટલીક વાર ઉત્કૃષ્ટતા સૂચક શબ્દો very, really કે Indeed વપરાય છે.
- ઉદ્ગાર વાકયનું વિધાન વાકય બનતાં તે that સંયોજકથી જોડાય છે. અને વાકયને ઉદ્ગાર ચિન્હ્રને બદલે પૂર્ણવિરામ અંતમાં આવે છે.
- કોઈ વ્યકિત પાસે પરવાનગી માંગીએ ત્યારે તે વાકયને સામાન્ય રીતે આજ્ઞાર્થ વાકય હોય છે. આથી આવા વાકયોનું indirect કરતી વખતે said to ને બદલે requested, asked કે told મૂકાય છે.
- ત્યાર પછી આજ્ઞાર્થ વાકયના ફેરફાર મુજબ to થી વાકય જોડાય છે અને નકાર વાકય not to થી જોડાય છે. Let ને બદલે કયારેક allow કે permit વપરાય છે.
- Let દ્વારા દરખાસ્ત પણ સૂચવાય છે. આવા વાકયોનું Indirect speech માં રૂપાંતર કરતી વખતે said to ને બદલે proposed to અથવા suggested to મૂકાય છે.
- Let પછી વપરાયેલ કર્મ વિભકિત કર્તા વિભકિત બને છે. અને તેની સાથે should વપરાય છે.
- good morning, thank you એવી શુભેચ્છા વ્યકત કરતા વાકયો શુભેચ્છા દર્શાવે છે. આવા વાકયો સીધાં જ જોડી શકાય છે.
- આવા વાકયોમાં said to ને બદલે wished કે prayed કે thank જેવું ક્રિયાપદ મૂકીને સીધું જ જોડવામાં આવે છે.
- હવે, ઉપરના બધા નિયમો તો વાકયો માટે છે. ફકરાનું Indirect કરતી વખતે પણ આજ નિયમો છે. પણ ફકરા માં થોડોક ફેરફાર કરતાં ધ્યાન રાખવાનું છે.
- ફકરામાં yes/ no ના ટૂંકા સંવાદો હોય છે તો તે પહેલાંના વાકયના સંદર્ભમાં હકાર કે નકારના આખા વાકય લખવાં જોઈએ. told positively / told negatively થી હકાર / નકારની દર્શાવણી થઈ શકે છે.
- પ્રશ્નના જવાબની replied અને ફરીથી જવાબ અપય તેને again replied થી દર્શાવાય છે.
- જયારે ટૂંકા પ્રશ્નાર્થ સૂચક શબ્દ વપરાય છે. ( જેમ કે, why, how, when )આવા પ્રશ્નાર્થ શબ્દોના સંદર્ભમાં તેના આગળના વાકય મુજબ રૂપાતરણ કરવાનું હોય છે.
- એકનો એક વ્યકિત વારંવાર પ્રશ્ન પૂછે તો again asked, inquired વગેરે લખાય છે.
- sir જેવા માનવાચક શબ્દ નીકળી જાય છે. અને told with respect / replied with respect આવે છે.
- જયારે વ્હાલ કે પ્રેમથી Dear વગેરે શબ્દો હોય તો તે નીકળી જાય છે અને told loving એમ લખાય છે.

DOWNLOAD FROM almayshah.blogspot.com

❖ એક વ્યકિત બે સંવાદ બોલે ત્યારે added મૂકી બીજુ વાકય જોડવામાં આવે છે.

❖ આ ઉપરાંત અમુક સંદર્ભ માટે નીચે મુજબના શબ્દો વપરાય છે.

યાદ આપવાઃ reminded

આમંત્રણ આપવાઃ invited

ટીકા/ ટકોર કરવાઃ remarked

માહિતી આપવાઃ informed

ચેતવણી આપવાઃ warned

આજીજી કરવાઃ begged

ખાત્રી આપવા : reassured

ઉત્સાહ પૂર્વક : told enthusiastically

પ્રશંશા પૂર્વકઃ told admiringly

ફરીથી કહેવાઃ repeated

વિધાન કરવા : stated

વર્ણન કરવાઃ related

પૂછતાજ કરવાઃ inquired

ધમકી આપવાઃ threatened

પ્રાર્થના કરવાઃ prayed

સહાનૂભુતિ પ્રદઃ told- sympathy

ર્શિત કરવા : theatrically

DOWNLOAD FROM almayshah.blogspot.com

## ❖ Prepositions:

❖ In, into, on, at, above.........વગેરે ને નામયોગી અવ્યય ( preposition ) કહે છે.

❖ prepositions નામ કે સર્વનામનો વાકયમાંના બીજા શબ્દો સાથે સંબંધ દર્શાવે છે.

❖ કેટલાક propositions એકથી વધુ પ્રકારના શબ્દોના પણ બનેલા હોય છે. જેમ કે, into, out of વગેરે.

❖ અમુક નામ વિશેષણ ક્રિયાપદ અમુક જ prepositions જ આવે છે. જેમ કે, worry about, sympathy for.

❖ અમૂક prepositions શબ્દ સમૂહના સ્વરૂપમાં હોય છે. જેમ કે in change of, in front of વગેરે.

❖ કેટલાક prepositions ના એકથી વધુ અર્થ થાય છે. જેમ કે, by & with બંનેનો અર્થ પાસે, સુધી વગેરે સરખો જ થાય છે.

❖ અમુક propositions નો અર્થ ક્રિયાપદ સાથે જોડાતાં બદલાય જાય છે. જેમ કે, give up તો છોડી દેવું જો up ને બદલે in એટલે give in તાબે થવું થાય છે.

❖ ઘણા ખરા prepositions સ્થળ અને સમય બંને દર્શાવવા થાય છે. in, on, at, from, to, by વગેરે.

❖ In : (માં અંદર, સ્થળ કે સમય દર્શાવવા )

❖ એક જગ્યામાં ગતિ કે સ્થિતિ બતાવવા in વપરાય છે.

❖ Into (માં અંદર, ગતિ દર્શાવવા કે વહેચી દેવા કે ભાગ પાડવાના અર્થમાં) એક જગ્યાએથી બીજી જગ્યાએ ગતિ દર્શાવવા પણ into વપરાય છે.

❖ on: (ઉપર, સ્થળ દર્શાવતુ હોય તો અડીને, સમય દર્શાવવા અમુક સમયે)

❖ At: ( સ્થળ દર્શાવવા, અમુક સ્થળે કે સ્થળ તરફ અને સમય દર્શાવવા અમુક સમયે)

❖ Above: ( ઉપર પણ એકે નહિ એટલે કે ઊંચે, વધુ ઉપર કે ઉપર થઈને. –થી વધુ)

❖ Over: ( ઉપર પણ અડે નહિ તેમ ઉપર થઈ ને , ના કરતા વધું)

❖ From: ( માંથી , સ્થળ કે સમય માટે )

❖ To (તરફ– સ્ગળ માટે, સુધી સમય, ને – વ્યકિત)

❖ With (સાથે વડે, – થી)

❖ Without (વગર, વિના)

❖ Near – (પાસે)

By ( પાસે, વડે, સુધીમાં, પાસે થઈને)

Beside (પાસે)

Besides(ઉપરાંત)

Between (ફકત બે વ્યકિત કે વસ્તુની વચ્ચે, સ્થળ કે સમય દર્શાવવા)

Among ( વચ્ચે, – બે કે તેથી વધુ બધાની વચ્ચે )

DOWNLOAD FROM almayshah.blogspot.com

Before ( આગળ, સમક્ષ કે, પહેલા , – સ્થળ/ સમય દર્શાવવા )

After (સ્થળ/ સમય, પાછળ કે પછી)

Behind ( પાછળ કે પછી, – સ્થળ / સમય દર્શાવવા)

For ( માટે, તરફ, સમય)

of ( – નું)

off ( અંદરથી કે ઉપરથી બહાર, બંધ સ્થિતિમાં)

About ( વિશે )

